જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૨/૦૬/૨૦૧૬ બુધવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૧૪૮/૧૬

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૬ કેસ કરી, ૩૮ વ્યક્તિઓને ઝડપી, ૧૮૦ લીટર દેશી દારૂ, ૩૦ ક્વૉટર ઈંગ્લીશ દારૂ અને ૬ બિયર ટીન કબજે કર્યા હતા. તેમજ જુગારધારા હેઠળ ૧ કેસ કરી ૪ વ્યક્તિઓને ઝડપી, રોકડ રૂપિયા ૨૪,૫૦૦/- અને જુગારનાં સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૧૪૯/૧૬

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૨૫૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૨૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

ખુનની કોશિશની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૧૧૫૦/૧૬

સરદારનગરઃ રામજીભાઇ જેઠાભાઇ પરમાર (રહે.ખોડીયારનગર વિભાગ-૧, નોબલનગર, સરદારનગર) એ સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૦/૬/૧૬ રાતનાં ૯/૦૦ વાગ્યાના સુમારે પોતાનો પુત્ર દિપક (ઉ.વ.૩૬) નરોડા રેલવે સ્ટેશન નજીક લઘુશંકા માટે ગયેલ દરમ્યાન ઘર નજીક રહેતા આરોપી બળદેવભાઇ રામજીભાઇ જાદવે ચપ્પુ વડે દિપક ઉપર જીવલેણ હુમલો કરી શરીરે ગંભીર ઇજાઓ પહોંચાડતાં સારવાર અર્થે તેને સિવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવેલ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી વી.આર.પટેલ ચલાવે છે.

ઘરફોડઃ- સમાચાર યાદી નં.૧૧૫૧/૧૬

શાહીબાગ : રાજેન્દ્રકુમાર નાથુલાલ જૈન (રહે, જુલી એપાર્ટમેન્ટ, ચન્દ્રમણી હોસ્પીટલ સામે, ગીરધરનગર શાહીબાગ) એ શાહીબાગ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૧/૬/૧૬ ના કલાક ૧/૦૦ થી ૫/૩૦ સુધીનાં સમયગાળા દરમ્યાન પોતાના ઘરનાં દરવાજાનું તાળુ તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, કબાટમાંથી સોના-ચાંદીનાં દાગીના અને રોકડ રૂપિયા ૪૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૬,૬૫,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી કે.કે.દેસાઈ ચલાવે છે.

રૂપિયા ભરેલ થેલી ઝુંટવી લઇ ગયા :- સમાચાર યાદી નં.૧૧૫૨/૧૬

બાપુનગર : હસમુખભાઇ સવજીભાઇ પટેલ (ઉ.વ.૫૧)(રહે.પ્રતિક ટેનામેન્ટ, ઇન્ડીયા કોલોની, બાપુનગર) એ બાપુનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૧/૬/૧૬ બપોરનાં ૪/૫૦ વાગ્યાનાં સુમારે બાપુનગર અનિલ સ્ટાર્ચ મીલ રોડ ટોરન્ટ પાવર સબ સ્ટેશન નજીકથી પસાર થઇ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ હસમુખભાઇનાં હાથમાંથી રૂપિયા ૩,૦૦,૦૦૦/- સાથેની થેલી ખેંચી લઇ નાસી ગયા છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી આર.એમ.ગામીત ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

ચોરી :- સમાચાર યાદી નં.૧૧૫૩/૧૬

ઓઢવ : કેવલકુમાર ભજનલાલ સુથાર (રહે, ઇન્દ્રપ્રસ્થ સોસાયટી, હર હર ગંગે ફ્લેટની પાસે, નિકોલ રોડ) એ તા.૨૧/૬/૧૬ નારોજ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૮/૬/૧૬ રાતના ૧૧/૦૦ થી તા.૧૯/૬/૧૬ સવારનાં ૬/૧૫ સુધીનાં સમયગાળા દરમ્યાન કેવલકુમારનાં ઓઢવ છોટાલાલની ચાલી ખાતે આવેલ કેવલ પાન પાર્લરમાં કામ કરતાં આરોપી ભવરસિંહ પુરોહિત (રહે.એ.ટી.ફેક્ટરી પાછળ, આદિનાથનગર, ઓઢવ) વધારાની ચાવી વડે પાન પાર્લરનું તાળુ ખોલી, હાર્ડ ડિસ્ક અને રોકડ રૂપિયા ૪,૦૦,૦૦૦/- ચોરી કરી લઇ ગયો છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર.એન.ખાંટ ચલાવે છે.

વાહન અકસ્માતમાં મૃત્યુઃ- સમાચાર યાદી નં.૧૧૫૪/૧૬

“જે” ટ્રાફીક પોલીસ સ્ટેશનઃ ધનરાજસિંહ જગજીતસિંહ પરિહાર (રહે.મુળજી શેઠની ચાલી, ભીલવાડા, રામનગર, અમરાઇવાડી) એ “જે” ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૧/૬/૧૬ બપોરના ૨/૦૦ વાગ્યાના સુમારે જેતલપુર, બી.એચ.એમ.પી. પંડ્યા હાઇસ્કુલ નજીક આવેલ ટાટા મોટર્સ કંપનીનાં દરવાજા પાસે વૉચમેન તરીકે નોકરી કરતાં સુબેદારસિંગ બહાદુરસિંગ તોમર (ઉ.વ.૪૨) નાઓ ગાડીની નોંધણી કરી ગેટની અંદર ગાડી જવા દેતાં હતા દરમ્યાન ટાટા ટેલર ગાડી નાં ચાલક અખિલેશ તીવારી (જેનાં પુરા નામ સરનામાની ખબર નથી) ની ગાડીનાં હુકમાં ભરાઇ જતાં, સુબેદારસિંગ નીચે પડી જતાં, ગાડીનું વ્હીલ સુબેદારસિગ ઉપર ફરી વળ્યુ હતુ. સારવાર અર્થે તેમને વા.સા.હોસ્પીટલમાં દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન બપોરનાં ૩/૪૫ વાગે તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગેની તપાસ ઇન્ચાર્જ પો.ઈ.શ્રી કે.કે.પરમાર ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)